PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume-8 | Issue-3 | March-2019 | PRINT ISSN No - 2250-1991

ORIGINAL RESEARCH PAPER | Social Science

# પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા

KEY WORDS:

મિતલ બાલધિયા

શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે કામ કરતા પ્રશિક્ષકો, કેળવણીકારોની આ બહું સામાન્ય લાગણી છે કે ખૂબ જ ઓછા પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણકાર્યમાં સારી સફળતા મેળવે છે.મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓ તાલીમ પૂરી થવા આવે કે તાલીમ પૂરી થયા પછી પણ શ્રેષ્ઠ શિક્ષક બની શકતા નથી, અસરકારક અધ્યાપન કરી શકતા નથી. જો કે આ બાબત માટે અનેક આંતરિક કે બાહ્ય પરિબળો જવાબદાર હોઈ શકે, પણ સિદ્ધિપ્રેરણા પણ તેમાંનુ એક પરિબળ હોવાથી સંશોધકે  પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું. સિદ્ધિપ્રેરણા એટલે ગુણવત્તાના ધોરણો સાથે હરિફાઈ કરવાને વ્યકિતની ઇચ્છા (McClelland et al. 1953). તેમના મત અનુસાર સિદ્ધિપ્રેરિત લોકો ગુણવત્તાના ધોરણો સાથે હરિફાઈ કરનારા, અદ્વિતીય સફળતા માટે પરિશ્રમ કરનારા, લાંબા સમય સુધી પ્રયત્નો કરનારા, પડકારજનક કાર્યો કરનારા અને સાહસી હોય છે. Murray (1938) ના મતે મુશ્કેલ લાગતી બાબતોને હલ કરવાની, અવરોધોને હટાવવાની અને શ્રેષ્ઠતા માટેના ઉચ્ચતમ ધોરણોને પ્રાપ્ત કરવાની વ્યકિતની પોતાની ઈચ્છા એટલે સિદ્ધિપ્રેરણા. સિદ્ધિપ્રેરણા હેતુપૂર્તિ માટે જરૂરી પ્રયત્નો સફળતાપૂર્વક પર પાડવાનું વલણ છે Gür im ek (2002).

તેથી આનો અર્થ એમ પણ કરી શકાય કે વ્યક્તિની જે બાબત પ્રત્યે સિદ્ધિપ્રેરણા વધારે હોય તે બાબતમાં સફળ થવાની અને શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાની શક્યતા વધારે છે, લક્ષ્યસિદ્ધિ પાછળ સિદ્ધિ પ્રેરણા મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેવું કહી શકાય. શિક્ષણનું એક કામ વ્યક્તિને તેની સુષુપ્ત શક્તિને કેન્દ્રમાં રાખીને તેને સફળ બનાવવાનું છે. સફળતા અને સિદ્ધિપેરણા એક સિક્કાની બે બાજુ જેવાં છે. તેથી શૈક્ષણિક સંશોધનોની દુનિયામાં સિદ્ધિપ્રેરણા એ બહુચર્ચિત મુદ્દો બન્યો છે. સિદ્ધિપ્રેરણાનો જન્મસ્થળ, વંશ, અભ્યાસ વર્ષ, અભ્યાસ પ્રવાહ, શૈક્ષણિક સિદ્ધિ, અનુકુલન, સ્વ-કાર્યસાધકતા, વાલીનો સહયોગ, જીવન ધોરણ, ચિંતાતુરતા, જાતિ, વાલીની શૈક્ષણિક સ્થિતિ, કુટુંબની વાર્ષિક આવક, શાળા પ્રકાર, રહેઠાણ વિસ્તાર વગેરે જેવા ચલ સાથે સંબંધ કે અસર તપાસવાનાં સંશોધનો થયેલા જોવાં મળ્યાં હતાં. પરંતુ, પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા જાણવા માટે પ્રયાસ થયો હોય તેવું સંશોધન સંશોધકનાં ધ્યાને આવ્યું ન હતું. તેથી સંશોધકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

અભ્યાસના હેતુઓ

1. 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ'ની રચના કરી તેનું યથાર્થીકરણ કરવું.
2. ગૂજરાત વિદ્યાપીઠના પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણાનું માપન કરવું.
3. ગૂજરાત વિદ્યાપીઠના પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા પ્રત્યેની સિદ્ધિપ્રેરણા પર જાતિ, રહેઠાણ વિસ્તાર, અભ્યાસ વિષયજૂથ, અભ્યાસ કક્ષા અને સામાજિક સંવર્ગની અસર તપાસવી..

અભ્યાસમાં સમાવિષ્ટ ચલ


1 સ્વતંત્ર ચલ

જાતિ, રહેઠાણ વિસ્તાર, અભ્યાસ વિષયજૂથ, અભ્યાસ કક્ષા અને સામાજિક સંવર્ગ

2 પરતંત્ર ચલ

સિદ્ધિપ્રેરણા

સ્વતંત્રચલ અને તેની કક્ષાઓ નીચે મુજબ હતીઃ




અભ્યાસની ઉત્કલ્પનાઓ

૧. સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

૨. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

૩. ભાષા અને સામાજિક વિજ્ઞાન વિષયજૂથમાં અભ્યાસ કરેલ પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

૪. વિશારદ અને પારંગત કક્ષાએ અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

૫. પછાત અને બિનપછાત વર્ગના પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત નહીં હોય.

શબ્દોની વ્યવહારું વ્યાખ્યા

1 શિક્ષક બનવા માટેની સિદ્ધિ પ્રેરણા

ગૂજરાત વિદ્યાપીઠના પ્રશિક્ષણાર્થીઓએ સંશોધક દ્વારા રચિત 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ'પર મેળવેલ પ્રાપ્તાંક એટલે તેની શિક્ષક બનવા માટેની સિદ્ધિ પ્રેરણા.

2 ગૂજરાત વિદ્યાપીઠ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા રાષ્ટ્રીય કેળવણી આપવા માટે 18 ઑક્ટોબર, 1920 ના રોજ અમદાવાદ ખાતે સ્થપાયેલી ઉચ્ચશિક્ષણની સંસ્થા

3 પ્રશિક્ષણાર્થીઓ

શૈક્ષણિક વર્ષ 2014-15 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણશાસ્ત્ર વિષયમાં વિશારદ અને પારંગત કક્ષાએ અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ

અભ્યાસનું ક્ષેત્ર

Sixth Survey of Educational Research :- ૧૯૯૩-૨૦૦૦ ભાગ 1 અને

2 માં શૈક્ષણિક સંશોધનોનાં નીચે મુજબના 21 ક્ષેત્રો રજૂ કરવામાં આવ્યાં છે ( જુઓ Uppal & Yadav, 2008). 1. શિક્ષણનું તત્વજ્ઞાન, 2. શિક્ષક અને શિક્ષણ, 3. ભાષાશિક્ષણની વ્યૂહરચનાઓ, 4. વિજ્ઞાન શિક્ષણ, 5. શારીરિક શિક્ષણ, 6. સ્વાસ્થ્ય શિક્ષણ અને રમત વિજ્ઞાન, 7. શૈક્ષણિક પ્રૌદ્યોગિકી, 8. વ્યવસાયિક શિક્ષણ, 9. દૂરવર્તી શિક્ષણ અને મુક્ત અધ્યયન, 10. સમાવેશક શિક્ષણ, 11. મહિલાઓનું શિક્ષણ, 12. માર્ગદર્શન અને સલાહ, 13. વસતી શિક્ષણ, 14. ભારતનાં શૈક્ષણિક સંશોધનોનાં મનોવૈજ્ઞાનિક પરિમાણો, 15. શિક્ષણનું અર્થશાસ્ત્ર, 16. ગણિત : અભ્યાસક્રમ અને શિક્ષણ, 17. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતિનું શિક્ષણ, 18. શિક્ષણનો ઈતિહાસ, 19. એલિમેન્ટરી શિક્ષણનું વ્યવસ્થાપન, 20. મૂલ્ય શિક્ષણ અને 21. શિક્ષણનું સમાજશાસ્ત્ર

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા પ્રત્યેની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ હતો. સિદ્ધિપ્રેરણા એ એક મનોવૈજ્ઞાનિક ચલ છે. તેથી પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક સંશોધનનાં મનોવૈજ્ઞાનિક પરિમાણોને સ્પર્શતું હતું.

### અભ્યાસનો પ્રકાર

સંશોધનથી પ્રાપ્ત થતા જ્ઞાન અને તેના હેતુના આધારે વિદ્વાનો સંશોધનને ત્રણ પ્રકારમાં વિભાજીત કરે છેઃ (1) પાયાનું સંશોધન અથવા મૂળગત સંશોધન (Basic Research), (2) વ્યવહારું સંશોધન (Applied Research) અને (3) ક્રિયાત્મક સંશોધન (Action Research). પ્રસ્તુત સંશોધનનો હેતુ McClelland, D.C. (1987)ના 'સિદ્ધિપેરણાના સિદ્ધાંત'નો વ્યવહારમાં ઉપયોગ કરી પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિપ્રેરણાનું માપન કરતું ઉપકરણ બનાવવાનો હતો. પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિપ્રેરણાનું સ્તર માપી તેના પર જાતિ, રહેઠાણ વિસ્તાર, અભ્યાસ પ્રવાહ, અભ્યાસ કક્ષાની શું અસર પડે છે તપાસવાનો હતો. તેથી પ્રસ્તુત સંશોધનને 'વ્યવહારું સંશોધન' કહી શકાય.

સંશોધનમાં એકત્રિત કરવામાં આવતી માહિતીનું સ્વરૂપ અને પરિણામનું સ્વરૂપ કેવું છે તેના આધારે સંશોધનને બે પ્રકારમાં વિભાજીત કરવામાં આવે છેઃ ગુણાત્મક સંશોધન (Qualitative Research) અને સંખ્યાત્મક સંશોધન (Quantitative Research). પ્રસ્તુત અભ્યાસ એકત્રિત થયેલ માહિતી તથા પરિણામ સંખ્યાત્મક સ્વરૂપ ધરાવતાં હોવાથી પ્રસ્તુત સંશોધનને આ દૃષ્ટિએ 'સંખ્યાત્મક સંશોધન' કહી શકાય.

### અભ્યાસની ક્ષેત્ર મર્યાદા

૧.સિદ્ધિપ્રેરણાના ખ્યાલને સમયાંતરે જુદાજુદા મનોવિજ્ઞાનીઓએ પોતાની રીતે વ્યક્ત કર્યો છે. દરેકે સિદ્ધિપ્રેરણાના ખ્યાલને કેન્દ્રમાં રાખી પોતાનો સિદ્ધાંતો આપ્યો, સંકલ્પના આપી અને સિદ્ધિપ્રેરિત વ્યકિતનાં લક્ષણોની યાદી આપી છે. પ્રસ્તુત સંશોધનમાં માત્ર McClelland, D.C. (1987)ના સિદ્ધિપેરણાના સિદ્ધાંતને આધાર તરીકે લેવામાં આવ્યો હતો.

### અભ્યાસનું મહત્વ

1. સંશોધન દ્વારા 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થયું હતું. જેનાથી પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા પ્રત્યેની સિદ્ધિપ્રેરણાનું માપન કરવા માટે મહત્વનું ઉપકરણ સુલભ બન્યું હતું.
2. પ્રસ્તુત સંશોધન વડે ગૂજરાત વિદ્યાપીઠના પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા પ્રત્યેની સિદ્ધિપ્રેરણાનું સ્તર જાણી શકાયું હતું. નિમ્ન સિદ્ધિપ્રેરણા ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિપ્રેરણામાં સુધારો અને વધારો કરવા માટેના કાર્યક્રમો હાથ ધરવા માટે પ્રસ્તુત અભ્યાસ પાયાની માહિતી પૂરી પાડી શકશે.
3. આ સંશોધનના ભાગરૂપે નિર્મિત ઉપકરણનો ઉપયોગ શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રે લેવાતી પ્રવેશ પરીક્ષામાં કરી શકાશે. જેનાથી શિક્ષક બનવા પ્રત્યેની ઉચ્ચ સિદ્ધિપ્રેરણા ધરાવતા પ્રશિક્ષણાર્થીઓ પસંદ કરી શકાશે.
4. પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા પ્રત્યેની સિદ્ધિપ્રેરણા પર તેમની જાતિ, રહેઠાણ વિસ્તાર, અભ્યાસ વિષયજૂથ, અભ્યાસ કક્ષા અને સામાજિક સંવર્ગની અસર જાણી શકાઈ હતી.

### વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં શૈક્ષણિક વર્ષ 2014-15 દરમિયાન અભ્યાસ કરતા 194 પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ થયો હતો. વ્યાપવિશ્વ એ જ નમૂનો હતો.

### ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી મેળવવા માટે અભ્યાસકે સ્વરચિત 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ'નો ઉપયોગ કર્યો હતો. આ ઉપકરણ લિકર્ટ પ્રકારનો પંચબિંદુ માપદંડ હતો. શિક્ષક બનવા માટેની સિદ્ધિપેરણાના 11 ઘટકોનું માપન કરતાં કુલ 30 વિધાનો હતાં. તે પૈકીના 14 વિધાનો હકારાત્મક અને 16 વિધાનો નકારાત્મક હતાં. પ્રત્યેક વિધાનની સામે વિધાનની સાથે સંમતીની માત્રા દર્શાવતા ગુણ પણ મુદ્રિત કરવામાં આવ્યા હતા. વિધાનોની સામે સંમતિની કક્ષા 'સંપૂર્ણ સંમત', 'સંમત', 'તટસ્થ', 'અસંમત', 'સંપૂર્ણ અસંમત' માટે ક્રમશઃ 4, 3, 2, 1, 0 ગુણ આપવામાં આવ્યા હતા. નમૂનામાં સમાવિષ્ઠ પાત્રએ ખરા (' ') ની નિશાની કરીને પ્રતિચાર આપવાનો હતો. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડની વિશ્વસનીયતા ત્રણ રીતે શોધવામાં આવી હતી. જેમાં Cronbach's Alpha મૂલ્ય 0.77 હતું, Spearman Brown Coefficient મૂલ્ય 0.63 હતું,અને Guttman Split Half Coeffcient મૂલ્ય 0.77 હતું. આ સાથે જ યથાર્થતા સિદ્ધ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા Clifs Consistency Indice – 'C'નું મૂલ્ય 0.45 હતું. વિષયવસ્તુ યથાર્થતા પણ સિદ્ધ કરવામાં આવી હતી.

### માહિતી એકત્રીકરણની રીત

માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ સંશોધકે ગૂજરાત વિદ્યાપીઠના આચાર્યની પૂર્વમંજૂરી મેળવી હતી. ત્યારબાદ નિશ્ચિત કરેલ તારીખ અને સમયે સંશોધક માહિતી એકત્રીકરણ કરવા ગયા હતા. સૌ પ્રથમ સંશોધકે પ્રશિક્ષણાર્થીઓને પ્રસ્તુત સંશોધનના હેતુઓ અંગે માહિતી આપી હતી. પ્રશિક્ષણર્થીઓ સાથે આત્મીયતા સ્થીપી તેમના દ્વારા અપાયેલ માહિતીને સંપૂર્ણ ખાનગી રાખવાની બાંયધરી આપી હતી. ત્યારબાદ શિક્ષક બનવાની સિદ્ધિપ્રેરણા નામનો પંચબિંદુ માપદંડ આપવામાં આવ્યો હતો. તેમાં પ્રતિચાર કઈ રીતે આપવાનો છે તે અંગેની વિગત સમજાવી હતી. માહિતી આપવા માટે કોઈ ચુસ્ત સમય મર્યાદા રાખવામાં આવી ન હતી.

### માહિતી વિશ્લેષણની રીત

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ રચના, હેતુ અને ઉત્કલ્પના ચકાસણી માટે એમ ત્રણ બાબતો માટે માહિતી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડની વિશ્વસનીયતા તપાસવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેની મદદથી

 Volume-8 | Issue-3 | March-2019 | PRINT ISSN No - 2250-1991

Cronbach's Alpha, Spearman Brown Coefficient, Guttman Split Half Coeffcientની ગણતરી કરવામાં આવી હતી. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડની યથાર્થતા તપાસવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ NRTVB-2000 SPSSનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની મદદથી Clifs Consistency Indice – 'C'ની ગણતરી કરવામાં આવી હતી. માધ્યમિક પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા તપાસવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરીને સરાસરી, સરાસરીની પ્રમાણભૂલ, મધ્યસ્થ, બહુલક, પ્રમાણવિચલન, પ્રચરણ, વિરૂપતા, વિરૂપતાની પ્રમાણભૂલ, કકૂદતા, કકૂદતાની પ્રમાણભૂલની ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનાઓની ચકાસણી કરવા માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરીને t-ratio ની ગણતરી કરવામાં આવી હતી.

## પરિણામ

1. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડની વિશ્વસનીયતા ત્રણ રીતે શોધવામાં આવી હતી. જેમાં Cronbach's Alpha મૂલ્ય 0.77 હતું, Spearman Brown Coefficient મૂલ્ય 0.63 હતું,અને Guttman Split Half Coeffcient મૂલ્ય 0.77 હતું. આ સાથે જ યથાર્થતા સિદ્ધ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા Clifs Consistency Index – 'C'નું મૂલ્ય 0.45 હતું.
2. 13.47 % પ્રશિક્ષણાર્થીઓ ઉચ્ચ સ્તરની, 69.94 % પ્રશિક્ષણાર્થીઓ મધ્યમ સ્તરની અને 16.58 %પ્રશિક્ષણાર્થીઓ નિમ્ન સ્તરની સિદ્ધિપ્રેરણા ધરાવતા હતા.
3. પ્રશિક્ષણાર્થીઓમાં જાતીયતાની દૃષ્ટિએ 104 સ્ત્રીઓ હતી અને 89 પુરુષો હતા. તફાવતની સાર્થકતા નક્કી કરતી ટી-કસોટીનાં પરિણામનું અવલોકન કરતાં જોવાં મળ્યું હતું કે ટી-ગુણોત્તર મૂલ્ય 1.697 હતું. જે .05 કક્ષાએ સાર્થક ન હતું.
4. પ્રશિક્ષણાર્થીઓમાં રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ 30 પ્રશિક્ષણાર્થીઓ શહેરી વિસ્તારમાં રહેતા હતા અને 163 પ્રશિક્ષણાર્થીઓ ગ્રામીણ વિસ્તારમાં રહેનારા હતા. તફાવતની સાર્થકતા નક્કી કરતી ટી-કસોટીનાં પરિણામનું અવલોકન કરતાં જોવાં મળ્યું હતું કે ટી-ગુણોત્તર મૂલ્ય 2.474 હતું. જે .05 કક્ષાએ સાર્થક હતું
5. પ્રશિક્ષણાર્થીઓમાં અભ્યાસ વિષય જૂથની દૃષ્ટિએ 112 પ્રશિક્ષણાર્થીઓ ભાષા સંબંધિત વિષયના હતા, 72 પ્રશિક્ષણાર્થીઓ સામાજિક વિજ્ઞાન સંબંધિત વિષયના હતા.તફાવતની સાર્થકતા નક્કી કરતી ટી-કસોટીનાં પરિણામનું અવલોકન કરતાં જોવાં મળ્યું હતું કે ટી-ગુણોત્તર મૂલ્ય 1.303 હતું જે .05 કક્ષાએ સાર્થક ન હતું.
૬. પ્રશિક્ષણાર્થીઓમાં અભ્યાસ કક્ષાની દૃષ્ટિએ 158 પ્રશિક્ષણાર્થીઓ વિશારદ કક્ષાએ અને 35 પ્રશિક્ષણાર્થીઓ પારંગત કક્ષાએ અભ્યાસ કરતા હતા. તફાવતની સાર્થકતા નક્કી કરતી ટી- કસોટીનાં પરિણામનું અવલોકન કરતાં જોવાં મળ્યું હતું કે ટી-ગુણોત્તર મૂલ્ય 0.335 હતું. જે .05 કક્ષાએ સાર્થક ન હતું.
૭. પ્રશિક્ષણાર્થીઓમાં સામાજિક સંવર્ગની દૃષ્ટિએ 162 પ્રશિક્ષણાર્થીઓ પછાત વર્ગના અને 31 પ્રશિક્ષણાર્થીઓ બિનપછાત વર્ગના હતા. તફાવતની સાર્થકતા નક્કી કરતી ટી-કસોટીનાં પરિણામનું અવલોકન કરતાં જોવાં મળ્યું હતું કે ટી-ગુણોત્તર મૂલ્ય 2.292 હતું. જે .05 કક્ષાએ સાર્થક હતું.

## તારણ અને અર્થઘટન

1. 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ'ની રચના થઈ હતી. આ ઉપકરણ લિકર્ટ પ્રકારનો પંચબિંદુ માપદંડ હતો. શિક્ષક બનવા માટેની સિદ્ધિપેરણાના 11 ઘટકોનું માપન કરતાં કુલ 30 વિધાનો હતાં. તે પૈકીના 14 વિધાનો હકારાત્મક અને 16 વિધાનો નકારાત્મક હતાં.

૨. સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણામાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. એટલેકે, શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા પર જાતિની અસર જોવા મળી ન હતી.

૩. શહેરી અને ગ્રામીણ વિસ્તાર રહેતા પ્રશિક્ષણાર્થીઓએ 'શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. એટલેકે, પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા પર રહેઠાણ વિસ્તારની અસર જોવા મળી ન હતી. શહેર કરતા ગ્રામીણ વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક બનવા માટેની સાર્થક રીતે ઉચ્ચ કક્ષાની સિદ્ધિપ્રેરણા ધરાવતા હતા.

૪. ભાષા અને સામાજિક વિજ્ઞાન સંબંધિત વિષયમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓએ' શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક જોવા મળ્યો ન હતો. એટલેકે, પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા પર અભ્યાસ વિષયજૂથની અસર જોવા મળી ન હતી.

૫. વિશારદ અને પારંગત કક્ષાના પ્રશિક્ષણાર્થીઓએ' શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક જોવા મળ્યો ન હતો. એટલેકે, પ્રશિક્ષણાર્થીઓની અભ્યાસ કક્ષાની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા પર કોઈ અસર જોવા મળી ન હતી.

૬. પછાત અને બિનપછાત વર્ગના પ્રશિક્ષણાર્થીઓએ' શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીમાં સાર્થક જોવા મળ્યો હતો. એટલેકે, પ્રશિક્ષણાર્થીઓના સામાજિક સંવર્ગની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા પર અસર જોવા મળી હતી. પછાત કરતાં બિનપછાત વર્ગના પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક બનવા માટેની સાર્થક રીતે ઉચ્ચ કક્ષાની સિદ્ધિપ્રેરણા ધરાવતા હતા.

## શૈક્ષણિક ભલામણો

૧. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણાને બી.એડ્. અને એમ.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ કસોટીમાં સ્થાન આપવું જોઈએ. શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણાને પણ પ્રવેશ આપવાના એક માપદંડ તરીકે સ્વીકાર કરવો જોઈએ.

૨. માત્ર 16.58 % પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક બનવા માટેની ઉચ્ચ સ્તરની સિદ્ધિપ્રેરણા ધરાવતા હોવાનું તારણ મળવાથી એ પણ કહી શકાય કે શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસ ક્રમમાં શિક્ષક બનવાની સિદ્ધિપ્રેરણામાં વધારો થાય તેવા કાર્યક્રમો યોજવા જોઈએ.

૩. શિક્ષક બનવાની સિદ્ધિપ્રેરણામાં વધારો કરવા માટે McClellandની દૃષ્ટિએ સિદ્ધિપ્રેરણાનો વિકાસ કરવાની પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવી જોઈએ.

4. Zenen(૨૦૦૨, P.24) દ્વારા સૂચિત સિદ્ધિપ્રેરણાનો વિકાસ કરવાનાં સોપાનોનો ઉપયોગ કરીને પ્રશિક્ષણાર્થીઓની સિદ્ધિપ્રેરણામાં વધારો કરવો જોઈએ.

૫. પુરુષ પ્રશિક્ષણાર્થીઓની સરખામણીમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણા સાર્થક રીતે ઓછી જોવા મળી હોવાથી એવું કહી શકાય કે, સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની શિક્ષક બનવા માટેની સિદ્ધિપ્રેરણાનો વિકાસ કરવા માટે ખાસ કાર્યક્રમો યોજવાં જોઈએ.

## સંદર્ભસૂચિ


1. Gürsimsek I. (2002). The using strategies and the motivational belives related learning of pre-service teachers. Muğla University, SBE Journal, 8, 1-9.
2. McClelland, D. C., Atkinson, J. W., Clark, R. A., & Lowell, E. L. (1953). The achievement motive. New York: Appleton Century-Crofts.
3. Murray, H. A. (1938). Techniques of a systematic investigation of fantasy. Journal of Psychology. Vol -3, p. 117.